RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year: 14, Issue: 258, Dt.20-12-2023 Wednesday Page: 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# કોરોનાના વધતા કેસો સામે આરોગ્ય તંત્ર એલર્ટ



## કોરોનાના નવા વેરિએન્ટ સામે ગભરાવવાની જરૂર નથી, સાવધાની રાખવી આવશ્યકઃ આરોગ્ય મંત્રી મનસુખ માંડવિયાઃ કેન્દ્રીય આરોગ્ય મંત્રાલય દ્વારા યોજાયેલ ઉચ્ચ કક્ષાની બેઠકમાં વર્તમાન કોરોનાની પરિસ્થિતિ અંગે સમિક્ષા કરાઈ

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

ભારતમાં કોરોનાના નવા વેરીએન્ટની ચિંતા વધી ગઈ છે અને કેન્દ્રીય આરોગ્ય મંત્રી મનસુખ માંડવીયાએ આજે એક ઉચ્ચ કક્ષાની બેઠકમાં પરીસ્થિતિની સમીક્ષા કરી હતી.શ્રી માંડવીયાએ બાદમાં રાજયના આરોગ્યમંત્રીઓ સાથે પણ બેઠક કરી હતી અને જણાવ્યું હતું કે પ્રથમ તબકકાની જેમ જ આપણે સામુહિક રીતે કોરોના સામેના ઉપાયો કરશુ.

માંડવીયાએ જણાવ્યું કે કોરોનાનો જે નવો ઉં.ગ.૧ વેરીએન્ટ કેરળમાં પ્રથમ નોંધાયો હતો. તેમણે તમામ હોસ્પીટલોને મોકડ્રીલ યોજવા પણ આદેશ આપ્યો છે અને દર ત્રણ મહિને આ પ્રકારે મોકડ્રીલ યોજાશે. આ ઉપરાંત રાજય સરકારો પણ સાથે રહીને કામ કરશે. માંડવીયાએ જણાવ્યું કે આ વેરીએન્ટ અંગે હજુ કોઈ ગંભીર ચિંતા નથી અને ગભરાટની પણ કોઈ જરૂર નથી. આજની આ બેઠકમાં આઈસીએમઆરના નિર્દેશક ડો. રાજીવ બહલ, નિતી આયોગના સભ્ય ડો. વી.કે.પોલ અને આઈસીએમઆરના પુર્વ મહાનિર્દેશક ડો. સૌમ્યા સ્વામીનાથન પણ હાજર રહ્યા હતા.

### કેરળમાં ૨૯૨ સહિત દેશમાં નવા ૩૪૧ કોરોનાના કેસ

ભારતમાં ફરી એક વખત કોરોનાના નવા વેરીએન્ટ સાથે દેશમાં કેસ વધતા જાય છે તે સમયે કેરાળામાં ૨૯૨ નવા કેસ નોંધાયા છે અને ત્રણ લોકોના મૃત્યુ થયા છે. આજે સવારે આઠ વાગ્યા સુધીમાં દેશભરમાં ૩૪૧ નવા કેસ નોંધાયા હોવાનું કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયની વેબસાઈટમાં અપડેટ કરવામાં આવ્યું છે જેમાં ૨૯૨ કેસ ફકત કેરાળામાં છે અને આ રાજયમાં કુલ ત્રણ નવા મૃત્યુ નોંધાયા છે. કેરળમાં આ સાથે કોરોનાના પ્રારંભથી અત્યાર સુધીમાં ૭૨૦૫૬ કેસ નોંધાયા છે. જેના કારણે કેન્દ્ર સરકાર પણ સતર્ક થઈ ગઈ છે. દેશમાં કુલ ૧૮૨૮ એકટીવ કેસ છે.

# શેરબજાર માટે ૨૦૨૩નું વર્ષ ટનાટન રહ્યુંઃ નિફ્ટીમાં ૧૮ ટકાનું રિટર્ન

**મુખ્ય સમાચાર, મુંબઈ**

શેરબજાર માટે વર્તમાન કેલેન્ડર વર્ષ ૨૦૨૩નો અંતિમ મહિનો-ડિસેમ્બર એતિહાસિક અને રેકોર્ડબ્રેક બની રહ્યો છે. રોજેરોજ નવા નવા રેકોર્ડ સર્જાઇ રહ્યા છે. સેન્સેકસ આજે ૭૦૯૧૩ તથા નિફટીએ ૨૧૫૯૩ની નવી ઉંચાઇ બનાવી હતી. આ સાથે ચાલુ વર્ષે નિફ્ટીમાં ઇન્વેસ્ટરોને ૧૮ ટકાનુ ભાડુ રીટર્ન મળ્યું છે.નિફ્ટીએ મજબૂત રેકોર્ડ બનાવ્યો છે. આ વર્ષે નિફ્ટીએ નવો રેકોર્ડ બનાવ્યો છે. ૮ ડિસેમ્બરે જ તે ૨૧૦૦૦ પોઇન્ટનું સ્તર વટાવી ગયું હતું અને હવે તે ૨૨૦૦૦ હજાર તરફ આગળ વધી રહ્યું છે. ચાલુ વર્ષમાં નિફ્ટીમાં ૨૯૦૦ પોઈન્ટનો જબરદસ્ત ઉછાળો જોવા મળ્યો છે. ૩૦ ડિસેમ્બર ૨૦૨૨ના રોજ તે ૧૮,૧૦૫ના સ્તરે હતો.



આ સમયગાળા દરમિયાન ઘણા ઉતાર-ચઢાવ આવ્યા છતાં નિફ્ટીએ આ સમયગાળા દરમિયાન રોકાણકારોને ૧૮ ટકાનો સારો નફો આપ્યો છે. છેલ્લા મહિનામાં જ નવ ટકાનો નફો થયો છે. એટલું જ નહીં નિફ્ટીની માર્કેટ મૂડી પણ ૪.૨૮ ટ્રિલિયન ડોલર પર પહોંચી ગઈ છે. નિફ્ટીની સાથે સેન્સેક્સે પણ રોકાણકારો માટે બમ્પર કમાણી કરી છે. આ વર્ષે ઇજઊની માર્કેટ મૂડીમાં પણ જબરદસ્ત ઉછાળો આવ્યો છે, જે ૩૫૦ લાખ કરોડ રૂપિયાની નજીક પહોંચી ગયો છે. ૩૦ ડિસેમ્બર, ૨૦૨૨ના રોજ તે રૂ. ૨૮૨.૩૮ લાખ કરોડ હતો, જે ૮ ડિસેમ્બર, ૨૦૨૩ના રોજ વધીને રૂ. ૩૪૮.૮૪ લાખ કરોડ થઈ ગયો. આ વર્ષે માર્કેટ મૂડીમાં રૂ. ૬૬,૪૬,૩૬૩.૬૭ કરોડનો વધારો થયો છે.

ભારતના બંને સૂચકાંકો વૈશ્વિક બજાર પર વર્ચસ્વ જાળવી રાખે છે અને નિફ્ટી ચોથા સ્થાને પહોંચી ગયો છે અને વળતરની દ્રષ્ટિએ સેન્સેક્સ પાંચમા સ્થાને પહોંચી ગયો છે. પ્રથમ સ્થાને અમેરિકન નાસ્ડેક છે જેણે આ વર્ષે લગભગ ૩૮.૦૬ ટકા વળતર આપ્યું છે. તે જ સમયે જાપાનના નેક્કાઈએ ૨૫.૬૩ ટકાનું વળતર આપ્યું છે. વર્ષ ૨૦૨૪માં ભારતીય શેરબજાર ૧૦ ટકા વધશે. એક નિષ્ણાંત અનુસાર વિધાનસભા ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીની શાનદાર જીત બાદ રોકાણકારોએ કેન્દ્રમાં પણ ભારતીય જનતા પાર્ટી યથાવત રહેવાની ધારણા રાખી છે. સ્થિર સરકારના કારણે વેપારમાં તેજીના અનુમાન છે.

# દેશની અદાલતોમાં જજ જ નહીં પરંતુ કોર્ટ રૂમ પણ અપુરતા

## ન્યાયાધિશની ૫૩૦૦ જગ્યા ખાલીઃ રહેવા માટે સરકારી આવાસો અને સહાયક કર્મીઓની પણ કમી

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

દેશની અદાલતોમાં ન્યાય મેળવવામાં વર્ષોના વર્ષો અરજદારના નીકળી જતા હોય છે, અદાલતોમાં કરોડો કેસો પેન્ડીંગ છે, આ પરીસ્થિતિ માટે જજોની કમી જવાબદાર ગણાવાય છે, હવે એ ખુલાસો બહાર આવ્યા છે કે દેશની અદાલતોમાં માત્ર જનોની કમી નથી પણ મોટા પ્રમાણમાં કોર્ટ રૂમ (અદાલત કક્ષ), જજોને રહેવા માટે ઘટ, સહાયક કર્મચારીઓ અને અન્ય સંસાધનોની પણ કમી છે.

આ સ્થિતિ માત્ર જિલ્લા અદાલતોમાં જ નહીં, પણ વિભિન્ન હાઈકોર્ટોમાં પણ



છે. મહારાષ્ટ્રને બાદ કરતા દિલ્હી, ઉતરપ્રદેશ, બિહાર, ઝારખંડ સહિત દરેક રાજયોમાં આ સ્થિતિ છે. હાલ દેશની અદાલતોમાં પાંચ કરોડથી વધુ કેસો પેન્ડીંગ છે. સુપ્રીમ કોર્ટના સંશોધન અને યોજના વિભાગ દ્વારા તૈયાર રિપોર્ટમાં આ ખુલાસો થયો છે. રિપોર્ટ અનુસાર દેશભરની જિલ્લા અદાલતોમાં ૫ હજારથી વધુ જજની જગ્યા ખાલી છે. જયારે ૪૫૦૦ કોર્ટરૂમ અને ૭૫ હજારથી વધુ સહાયક કર્મીઓની જગ્યા ખાલી છે. જિલ્લા ન્યાયપાલિકાઓમાં માત્ર ૩૬ ટકા મહિલા જજ છે. જો કે હવે મહિલા જજની ભાગીદારી વધી રહી છે. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે દિલ્હી, જમ્મુ-કાશ્મીર અને લદાખમાં જજો માટે સરકારી આવાસ નથી. આ ત્રણ રાજયોમાં જજ માટે ૬૧ ટકા આવાસની ઘટ છે.

# ડોનાલ્ડ ટ્રમ્પ રાષ્ટ્રપતિની ચૂંટણી લડવા અયોગ્ય જાહેર કરાયા

**મુખ્ય સમાચાર, વોશિંગ્ટન**

અમેરિકાના પ્રમુખપદ ચુંટણીના ઈતિહાસમાં પ્રથમ ઘટનામાં કોલોરાડોની સુપ્રીમ કોર્ટે પુર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પને આગામી સમયથી રાષ્ટ્રપતિ ચુંટણી લડવા માટે અયોગ્ય જાહેર કરી ટ્રમ્પ માટે સૌથી મોટી પછડાટ આપી છે. હવે ૨૦૨૪ની ચુંટણીમાં ડેમોક્રેટીક તથા રીપબ્લીકન પક્ષમાં ઉમેદવારની પસંદગી માટે આંતરિક સ્પર્ધા શરૂ થઈ છે અને એકંદર પણ હાલના રાષ્ટ્રપતિ જો બાઈડનની સામેની સંભવિત બની શકતી સ્પર્ધામાં ડોનાલ્ડ ટ્રમ્પ સરસાઈની સ્થિતિમાં હોવાના સર્વે બહાર આવી



રહ્યા હતા તે સમયે જ ટ્રમ્પને હવે ચુંટણી લડવા માટે અયોગ્ય જાહેર કરી કોલોરાડો સુપ્રીમ કોર્ટે અમેરિકાના ઈતિહાસમાં કદી ન સર્જાઈ હોય તેવી રાજકીય સ્થિતિ બનાવી છે. આક્રમક ગણાતા ડોનાલ્ડ ટ્રમ્પ હવે નવા કાનુની વિકલ્પો ચકાસશે. કોલોરાડો સુપ્રીમ ૨૦૨૦ની પ્રમુખપદની ચુંટણી બાદ નવા રાષ્ટ્રપતિ તરીકે ચુંટાયેલા જો બાઈડનની શપથવિધિ સમયે જ તા. ૬ જાન્યુઆરી ૨૦૨૧ના અમેરિકી સંસદભવન કેપીટોલ હિલ પર ટ્રમ્પના સમર્થકોએ હુમલો કરીને છેક સેનેટ ગૃહ સુધી ધસી ગયા હતા અને તોડફોડ કરી હતી તે માટે ટ્રમ્પને જવાબદાર ગણાવ્યા છે અને અમેરિકાના બંધારણની કલમ ૧૪ (સંશોધીત)ની ધારા-૩ હેઠળ રાષ્ટ્રપતિના ઉમેદવાર માટે અયોગ્ય જાહેર કર્યા છે.

# I.N.D.I.A. ગઠબંધનની બેઠકમાં મમતાના પ્રસ્તાવથી લાલુ-નીતીશ નારાજ

## કોંગ્રેસે પશ્ચિમ બંગાળમાં બેઠકોની વહેંચણી મુદ્દે પોતાની સ્થિતિ સ્પષ્ટ ન કરતા ટીએમસી નારાજઃ લોકસભાની ચૂંટણીમાં કયા પક્ષને કેટલી બેઠક મળશે તે વિશે વાત હજુ અધ્ધરતાલ

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

I.N.D.I.A. ગઠબંધનની ચોથી બેઠક આજે દિલ્હીના અશોક હોટલમાં યોજાઈ હતી, જેમાં વિપક્ષી દળો વચ્ચે ઘણા મુદ્દે ચર્ચા થઈ હતી. ત્યાર બાદ પ્રેસ કોન્ફરન્સમાં કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ કહ્યું કે, ગઠબંધન વચ્ચે રાજ્ય સ્તરે સીટ શેરિંગ થશે. જો આ રીત ઉપયોગી નહીં બને તો અમે આ મામલે પણ નિર્ણય લઈશું. જોકે હાલ એવા અહેવાલો સામે આવ્યા છે કે, મમતા બેનર્જીની પાર્ટી સીટ શેરિંગ મુદ્દે નારાજ થઈ છે. અહેવાલો મુજબ કોંગ્રેસે પશ્ચિમ બંગાળમાં બેઠકોની વહેંચણી મુદ્દે પોતાની સ્થિતિ સ્પષ્ટ ન કરતા ટીએમસીની નારાજ થઈ છે.



ત્યારબાદ ટીએમસી સહિત ગઠબંધનના ઘણા પક્ષોએ સીટ શેરિંગને અંતિમરૂપ આપવા માટે ૩૧ ડિસેમ્બર સુધીની સમયમર્યાદા નક્કી કરી છે.

બેઠકમાં ટીએમસીએ પ્રસ્તાવ મૂક્યો છે કે, જ્યાં ભાજપ સાથે સીધી ટક્કર છે, ત્યાં કોંગ્રેસે લગભગ ૩૦૦ બેઠકો પર લડવું જોઈએ. બાકી બેઠકો પર કોંગ્રેસે પ્રાદેશિક પાર્ટીઓને સમર્થન આપવું જોઈએ. ટીએમસી, જેડીયુ સહિત ઘણા પક્ષોએ પ્રસ્તાવ મુક્યો છે કે, બેઠક વહેંચણી મુદ્દે ૩૧ ડિસેમ્બર સુધીમાં કામગીરી પૂર્ણ કરી દેવી જોઈએ.

બેઠકમાં પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીએ મલ્લિકાર્જુન ખડગેને વડાપ્રધાન પદના ઉમેદવાર બનાવવાનો પ્રસ્તાવ મુક્યો, જેને દિલ્હીના મુખ્યમંત્રીએ પણ સમર્થન આપ્યું છે. જોકે આ પ્રસ્તાવ બાબતે બિહારના મુખ્યમંત્રી નીતીશ કુમાર અને લાલુ પ્રસાદ યાદવ નારાજ થવા હોવાના અહેવાલો છે. મમતાના પ્રસ્તાવ બાદ નારાજ લાલુ અને નીતીશ ગઠબંધનની બેઠકમાંથી તુરંત નિકળી ગયા અને પ્રેસ કોન્ફરન્સમાં પણ સામેલ થયા નથી. લાલુ પ્રસાદ યાદવે તાજેતરમાં નીતીશ કુમારનું સમર્થન કરી કહ્યું હતું કે, નીતીશ કુમાર સામે કોઈપણ પડકારો નથી.

બેઠકમાં ૫ રાજ્યોના ચૂંટણી પરિણામો, સંસદમાં સુરક્ષામાં ચુક, સંસદની શિયાળુ સત્રમાં વિપક્ષના ૯૨ સાંસદોને સસ્પેન્ડ કરવા મામલે ચર્ચા થઈ છે. ઉપરાંત આગામી લોકસભા ચૂંટણીની રણનીતિ પર પણ ચર્ચા થઈ છે. બેઠકમાં નીતીશ કુમારે વડાપ્રધાન પદના ઉમેદવાર બનવાનો ઈન્કાર કરી દીધો છે, તો પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જી અને દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેને વડાપ્રધાન પદના ઉમેદવાર બનાવવાનો પ્રસ્તાવ મુક્યો છે, જોકે આ પ્રસ્તાવ અંગે ખડગેએ કહ્યું કે, પહેલા ચૂંટણી જીતવા પર ધ્યાન આપવું જોઈએ.

# ગોપાલ નમકીન સામેનો ટ્રેડ માર્કનો દાવો પરત ખેંચવામાં રૂા.૨૩ કરોડના વહીવટની ચર્ચા...!



## દોઢ દાયકાથી ટ્રેડ માર્કના નિયમોના ભંગના ચાલતા કેસમાં રાતોરાત ડેરીના સત્તાધિશોએ સમાધાન કરી લેતા સહકારી આગેવાનોમાં તર્કવિતર્ક




## ડેરી અને ગોપાલ નમકીન વચ્ચે સમાધાનની ભૂમિકા સામાકાંઠા એક ભાજપ અગ્રણીએ ભજવી

## સૌરાષ્ટ્ર ભાજપના સહકારી ક્ષેત્રના મોટા ગજાના નેતાએ ડેરીના ઉચ્ચ પદાધિકારીને વહીવટ કરવા બદલ ખખડાવ્યા



**મુખ્ય સમાચાર, રાજકોટ:**

રાજકોટ જિલ્લા દૂધ ઉત્પાદક સંઘ દાયકાઓથી ગોપાલ બ્રાન્ડ નામ હેઠળ વિવિધ ખાદ્ય ચીજવસ્તુઓનું વેંચાણ કરી રહ્યું છે.સંઘ દ્વારા ગોપાલ બ્રાન્ડનો ટ્રેડ માર્ક લીધો હતો. પરંતુ,રાજકોટના હદવાણી ગ્રુપ દ્વારા ગોપાલ નમકીનના નામથી વિવિધ ખાદ્ય ચીજવસ્તુઓનું વેંચાણ કરવામાં આવ્યું હતું જેથી,સંઘ દ્વારા ૧૫ વર્ષ પહેલાં ગોપાલ નમકીન પર ટ્રેડ માર્કના નિયમોના ભંગ કરાતો હોવાની ફરિયાદ ઉઠાવીને કાનૂની કાર્યવાહી શરૂ કરી હતી. પરંતુ દોઢ દાયકા સુધી લડત ચલાવ્યા બાદ ડેરીના સંચાલકો દ્વારા તાજેતરમાં ઠરાવ કરીને ગોપાલ નમકીન સામેનો કેસ શંકાસ્પદ રીતે પાછા ખેંચી લેતા નદાળમાં કાંઈક કાળુથ હોવાની ચર્ચાએ જોર પકડયું છે.

આધારભૂત વર્તુળોમાંથી આ અંગે મળેલી માહિતી મુજબ આ કેસને પાછો ખેંચી રાતોરાત ફીંડલુ વાળી દેવામાં રૂ. ૨૩ કરોડનો વહીવટ થયાનું ચર્ચાઈ રહ્યું છે.

રાજકોટ જિલ્લા દૂધ ઉત્પાદક સંઘ (ડેરી)ના એક ઉચ્ચ પદાધિકારીએ આ કેસ પાછો ખેંચવા માટે અધધધ રૂ.૨૦ કરોડ ખંખેરીને ઘરભેગા કર્યાનું જાણવા મળ્યું છે.જયારે નગોપાલથ નમકીન અને ડેરી વચ્ચે સુલેહની ભૂમિકા ભજવી મધ્યસ્થી બનનારા શહેરના સામાકાંઠા વિસ્તારના ભાજપના એક મોટા માથાએ રૂ. દોઢ કરોડ અને ડેરીના એક અધિકારીએ રૂ.દોઢ કરોડ ખીસ્સામાં નાંખ્યા હોવાની ચર્ચાએ સહકારી ક્ષેત્રે ગરમાવો લાવી દીધો છે.

સૌરાષ્ટ્ર ભાજપના સહકારી ક્ષેત્રના મોટા ગજાના નેતાને અંધારામાં રાખીને થયેલા વહીવટે સમગ્ર રાજકોટ જિલ્લા ભાજપમાં ખળભળાટ મચાવ્યો છે. જયારે ડેરી કોર્ટમાં ટ્રેડમાર્ક મુદ્દે ૧૫ વર્ષથી કેસ ચલાવ્યા બાદ વિજય તરફ હતી ત્યારે આ કેસ પાછો ખેંચી લઈને સમાધાન સ્વીકારવાનું પસંદ કરાતાં જરૂર કાંઈક રંધાયુ હોવાની વાત જિલ્લા ભાજપ અને સહકારી ક્ષેત્રમાં ચર્ચાનો વિષય બન્યો છે.જો ડેરી આ કેસમાં જીતી જાય તો ગોપાલ નમકીનના માલિકોને કરોડો રૂ.ની રોયલ્ટી ચૂકવવા ઉપરાંત બ્રાન્ડ નામ બદલવાની સ્થિતિ ઉભી થાય તેમ હોય કરોડોમાં આ સમાધાન કરાયાનું ચર્ચાઈ રહ્યું છે.

આ કેસનું ફીંડલુ વાળવા રૂ.૨૦ કરોડ જેવી રકમ ઘરભેગી કરનાર ડેરીના ઉચ્ચ પદાધિકારીને રાજકોટ જિલ્લા ભાજપમાં સહકાર ક્ષેત્રે ઉચ્ચ નામ ધરાવતા અગ્રણીએ રૂબરૂ બોલાવી બંધ બારણે ન કહેવાતા શબ્દો કહી ઠમઠોર્યા હતા.રૂ.૨૩ કરોડ રકમ ચૂપચાપ ઘરભેગી કરનાર ત્રણે વ્યક્તિઓ હાલ સહકાર ક્ષેત્રથી દૂર ભાગી રહી હોવાની વાત પણ સામે આવી છે. શિયાળાની ઠંડીમાં ડેરી અને સહકારી ક્ષેત્રમાં આ પ્રકરણને કારણે ગરમાવો આવ્યો છે. જો કે આ બાબતે ફીંડલુ વાળી કચરા ટોપલીમાં નાંખી દેવાશે કે પછી રાજકોટ જિલ્લા ભાજપ દ્વારા પગલાં લેવાશે તે ચર્ચાએ પણ આગેવાનો-કાર્યકરોમાં ચર્ચાનો વિષય બન્યો છે.

### તો ગોપાલ નમકીનને રાજકોટ ડેરીને કરોડો રૂ.રોયલ્ટી આપવા સાથે બ્રાન્ડ નેમ બદલાવું પડત

૧૫ વર્ષ પહેલાં રાજકોટ દૂધ ઉત્પાદક સંઘ દ્વારા ગોપાલ નમકીન પર ટ્રેડમાર્ક ધારા ધોરણના ભંગ બદલ કેસ દાખલ કરેલ હતો જે કેસની સુનાવણી હાલ કોર્ટમાં પૂર્ણ થવા પર હતી તેવા સમયે જ રાજકોટ ડેરીના બોર્ડ દ્વારા આ કેસનું ફીંડલુ વાળી પરત ખેંચતા સહકારી ક્ષેત્રમાં અનેક સવાલો ઉઠવા પામ્યા છે. ખાસ કરીને કેસ ડેરી જીતી જાય તેમ હતી. જો ડેરીની તરફેણમાં ચુકાદો આવે તો ગોપાલ નમકીન દ્વારા અત્યાર સુધીમાં જેટલો પણ માલ વેચાયો હતો. તેની રોયલ્ટી પેટે ડેરીને કરોડો રૂપિયા ચૂકવવા પડે હતા ઉપરાંત,ભવિષ્યમાં ગોપાલના નામથી નમકીન ન વેંચી શકાય તેવી સંભાવના હતી. જેથી ગોપાલ નમકીનના સંચાલકોએ ડેરીના ઉચ્ચ પદાધિકારીને મોટો ભોગ ધરી દેતા કેસ પાછો ખેંચાયો હોવાની ચર્ચાઇ રહ્યું છે.ડેરીના ઉચ્ચ પદાધિકારીની આર્થિક લાલસાના પરિણામે ડેરીને કરોડોનું નુકસાન થવા પામ્યુંની ચર્ચા ઉઠવા પામી છે.

# દ્વારકામાં ૬૦૦ થી વધુ ડમી સિમકાર્ડનું વેચાણ કરવાના પ્રકરણમાં છ શખ્સો ઝડપાયા

## એસપીની આગેવાનીમાં આંતરરાજ્ય ઠગ ટોળકીની છેતરપિંડીનો પર્દાફાશ કરતી દ્વારકા સાયબર ક્રાઈમ

**મુખ્ય સમાચાર, જામનગર**

તીર્થધામોમાં આદર ભર્યું સ્થાન ધરાવતા દ્વારકા ખાતે દર વર્ષે દેશ-વિદેશમાંથી લાખોની સંખ્યામાં યાત્રાળુઓ, દર્શનાર્થીઓ દ્વારકા દર્શન કરવા આવે છે. અહીં આવતા દર્શનાર્થીઓ રોકાણ માટે દ્વારકાની આવેલ હોટલોમાં એડવાન્સ ઓનલાઇન બુકીંગ કરે છે. જેનો લાભ લઈ આંતરરાજ્ય ઠગ ટોળકી છેતરપિંડી કરતા હોય છે. તાજેતરમાં દ્વારકા જિલ્લામાં ન્યુડ વિડીઓ કોલીંગ ફ્રોડ, શોપીંગ ફ્રોડ જેવા સાયબર ક્રાઇમના ગુન્હાઓ બને છે, જે તમામ ગુનાઓનો પોલીસ અધિક્ષક નિતેશ પાંડેયએ અભ્યાસ કરી, એ.એસ.પી. રાઘવ જૈનએ ખુબ જ ગંભીરતાથી લઇ દ્વારકા જિલ્લામાં સાયબર સેફ દ્વારકા ના સુત્ર હેઠળ આંતરરાજ્ય સાયબર ગુન્હેગારોને પકડી પાડવા સુચના માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

મોબાઈલ સીમકાર્ડ ના વેચાણ તથા ઉપયોગ માટે સરકાર દ્વારા ચોક્કસ ગાઈડ લાઈન બહાર પાડવામાં આવી છે. જેથી ગેરકાયદેસર સિમકાર્ડ એક્ટીવના થઇ શકે. પરંતુ અમુક ગઠીયાઓ દ્વારા લોકોને છેતરી તેના ડોક્યુમેન્ટનો ઉપયોગ કરી ગેરકાયદેસર સિમકાર્ડ એક્ટીવ કરી છેતરપીંડીમાં ઉપયોગ કરતા હોવાની હકીકત ઉજાગર થયેલ હતી. છેલ્લા એક વર્ષના દેવભૂમિ દ્વારકા જિલ્લાના સાયબર ક્રાઈમના ગુનાઓનો અભ્યાસ કરતા સદર હકીકતને સમર્થન મળ્યું હતુ. જેમાં કેટલાક






મોબાઇલના સિમકાર્ડ ગુજરાતમાંથી ઇસ્યુ થયેલા હતા. આ સિમકાર્ડની માહિતિ મેળવી તપાસ કરતા સદર સિમકાર્ડ એક જ જગ્યા વડોદરાથી ઇસ્યુ થયેલ હોવાની હકીકત ધ્યાને આવેલ હતી. આ સિમકાર્ડ પહેલા વડોદરાના અલગ અલગ વ્યક્તિઓના નામે રજિસ્ટર થયેલ હોય અને ત્યારબાદ આ સિમકાર્ડ રાજસ્થાનમાં અલગ અલગ ગુનાહિત પ્રવૃતિમાં વપરાતા હોવાનું ધ્યાને આવેલ. આ તમામ ગુનાઓના મુળ સુધી પહોંચી ગુનાના આખા નેટવર્કનો પર્દાફાસ કરી, મુખ્ય સુત્રધારને ધરપકડ કરવા પોલીસ અધિક્ષક નિતેશ પાંડેયએ સાયબર ક્રાઇમ સેલના પોલીસ ઇન્સ્પેક્ટર એ.વાય. બલોચ તથા દ્વારકા જિલ્લા પોલીસની અલગ-અલગ ટીમો બનાવી સાયબર સેફ દ્વારકા ના પખવાડીયા તરીકે કામગીરી કરવા ગુજરાત અને રાજસ્થાન જરૂરી સુચના- માર્ગદર્શન આપી રવાના કરી, ટીમનું સતત મોનીટરીંગ રાખી, સાયબર ક્રાઇમ સેલની ટીમ દ્વારા ગુજરાત અને રાજસ્થાનના અલગ-અલગ વિસ્તારમાંથી ટેક્નિકલ એનાલીસીસ અને હ્યુમન સોર્સ આધારે વર્ક આઉટ કરી, ૬૦૦ થી વધુ ડમી પ્રિ-એક્ટિવેટેડ સિમકાર્ડનુ વેચાણ કરનાર તથા ફેક વેબસાઇટ, સિમકાર્ડનો ઉપયોગ કરી છેતરપિંડી કરનાર તથા ન્યુડ કોલ ફ્રોડ તથા શોપીંગ ફ્રોડના મુખ્ય સુત્રધારોને પકડી પાડવામાં સફળતા મેળવી છે.

આ પ્રકરણમાં સિમકાર્ડ વિક્રેતા વડોદરા ખાતે રહેતા હસન ઉર્ફે દસ્તગીર અકીલભાઈ શેખ, (ઉ.વ. ૨૫), અન્ય એક આરોપી વડોદરાના અલ્તાફ રજાકભાઇ શેખ (ઉ.વ. ૨૫), ત્રીજા આરોપી એવા વડોદરાના સીમ કાર્ડ વિક્રેતા આરીફબેગ સમસુદ્દીન મિરઝા (ઉ.વ. ૨૫), ચોથા આરોપી રાજસ્થાન રાજ્યના ડીંગ જિલ્લાના ગોપાલ રઘુવર ગુર્જર (ઉ.વ. ૫૦), અને અઝરૂ યાદમોહમ્મદ મેવ (ઉ.વ. ૨૦) છઠ્ઠા આરોપી રાજસ્થાન રાજ્યના કરોલી જિલ્લાના દલવિરસિંઘ દિવાનસિંઘ બેનીવાલ (ઉ.વ. ૩૦)ની અટકાયત કરી લેવામાં આવી છે. આરોપીઓ દ્વારા કરવામાં આવેલી મોડેસ ઓપરેન્ડીની કબુલાતમાં તેઓએ ૬૦૦ થી વધુ પ્રિ-એક્ટિવેટેડ ડમી સિમ કાર્ડ વેચાણ કર્યાની હતા. ગુજરાત રાજ્યના વડોદરા ખાતે કરેલ કાર્યવાહીમાં પકડાયેલ હસન ઉર્ફે દસ્તગીર અકીલભાઈ શેખે ધોરણ દસ સુધીનો અભ્યાસ કર્યો છે. વડોદરાના અલ્તાફ રજાકભાઇ શેખે ધોરણ ૧૧ સુધીનો અભ્યાસ કરેલ છે. ૧૧ ધોરણ સુધી ભણેલા આરીફબેગ સમસુદ્દીન મિરઝા મળી, ઉપરોકત ત્રણેય આરોપીઓ એરટેલ તથા રિલાયન્સ જિઓના સિમકાર્ડ વિક્રેતા તરીકે છેલ્લા એક વર્ષથી કામ કરે છે. હસન શેખ વડોદરા તાંદલજા ખાતે છત્રી લગાવી સિમકાર્ડનુ વેચાણ કરતો હતો. દોઢ બે વર્ષ પહેલા ડીગ જિલ્લાના એક અજાણ્યા વ્યક્તિ સાથે વડોદરામાં સંપર્ક થયેલ અને તેણે આ હસનને ડમી સિમકાર્ડ આપવાનું જણાવેલ અને એક સિમકાર્ડના ૩૫૦ રૂપીયા આપવાનુ જણાવેલ હતું, ત્યારબાદ આ હસન તેની પાસે જે લોકો સિમકાર્ડ ખરીદવા આવે તેના પ્રથમ આધાર નંબર મેળવી ફોટો ફિંગર લઇ સિમકાર્ડ એક્ટીવ કરી પોતાની પાસે રાખી લઇ અન્ય સિમકાર્ડ ખરીદનારને આપી દેતો હતો. જે સિમકાર્ડ એક્ટીવ ન થતા ખરીદનાર ફરી તેની પાસે સિમ એક્ટીવ કરાવવા આવતા સિમ એક્ટીવ રિપ્રોસેસનુ જણાવી ફરી વખત ફોટો ફિંગર મેળવી સિમકાર્ડ એક્ટીવ કરી આપતો હતો. આ રિતે દિવસના ચાર-પાંચ ડમી સિમકાર્ડ એક્ટીવ કરી ૩૦-૪૦ સિમકાર્ડ ભેગા કરી રાજસ્થાનના ફ્રોડ વ્યક્તિને કુરીયર કરી આપતો અને ક્યારેક ડીગ રાજસ્થાન રૂબરૂ જઇ સિમકાર્ડ આપી આવતો હતો. તેમજ હસને પોતાના મિત્ર અલ્તાફ રજાકભાઇ શેખ અને આરીફબેગ સમસુદ્દીન મિરઝા તથા અન્ય બે મિત્રો સાથે ભેગા મળી એકસંપ થઇ આ રીતે ડમી સિમકાર્ડનુ રેકેટ ચલાવી ૬૦૦ થી વધુ સિમકાર્ડ હસન દ્વારા ડીગ જિલ્લા ખાતે મોકલી આપવામાં આવેલ છે. જે તમામ સિમ કાર્ડ અલગ-અલગ સાયબર ક્રાઇમના ગુનાઓમાં ઉપયોગ થયેલ છે. રાજસ્થાનના ડીગ જિલ્લામાં કરેલી કાર્યવાહી દરમિયાન ઘોઘોર ગામના ગોપાલભાઈ રઘુવર ગુર્જર (ઉ.વ. ૫૦) જે અભણ છે, તેણે ઉપર જણાવેલ વડોદરાના રહીશો પાસેથી પોતાના દિકરા ધનસિંગ અને વિક્રમ સાથે મળી પ્રિ-એક્ટિવેટેડ ડમી સિમકાર્ડ ખરીદ કરી અલગ-અલગ સાયબર ક્રાઇમ કરનાર ગુન્હેગારોને વેચાણ કરેલ હોવાની કબુલાત કરેલ છે. સદર ગોપાલ રઘુવર ગુર્જરની પુછપરછમાં મોટા ખુલાસા થવાની શક્યતાઓ રહેલ છે. રાજસ્થાન રાજ્યનાં કરોલી જિલ્લામાં કરવામાં આવેલી કાર્યવાહી દરમિયાન પકડાયેલો દલવિરસિંઘ બેનીવાલ એમ.ટેક. નો અભ્યાસ કરી ચૂક્યો છે. જેણે ફેસબુક ઉપર મંડપ સર્વિસના સામાન વેચાણ લગત ફેક એડ બનાવી તેને ફેસબુક ઉપર પોસ્ટ કરતા ખંભાળિયાના મંડપ સર્વિસ વાળા મનીષભાઈ સામાણીએ ફેસબુક ઉપર પોસ્ટ જોઇ પોતાને જરૂરી લાગતા સામાનનો ઓર્ડર પોસ્ટમાં જણાવેલ મોબાઇલ નંબર ઉપર કોલ કરી આપેલ હતો. સદર આરોપીએ ૩૦,૦૦૦ રૂપિયા ઓનલાઇન મેળવીને સામાન નહી મોકલી છેતરપિંડી કરેલ હતી. આ રીતે અન્ય લોકો સાથે પણ છેતરપિંડી કરેલ છે, જેની તપાસ ચાલુ છે. રાજસ્થાન રાજ્યના ડીગ જિલ્લામાં કરેલી કાર્યવાહી દરમિયાન પહાડી પોલીસ સ્ટેશનવિસ્તારમાં આવેલ ઘીસેરા ગામમાં સ્થાનિક પહાડી પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ.ને સાથે રાખી રેડ કરતા અઝરૂ યાદમોહમ્મદ મેવ (ઉ.વ. ૨૦) ને ૫ સ્વેપ મશીન (પી.ઓ.એસ. મશીન), ૩ બેન્ક ચેક બુક, ૧૫ એ.ટી.એમ. કાર્ડ, ૬ મોબાઇલ ફોન અને ૨૮ પ્રિ-એક્ટિવેટેડ ડમી સિમ કાર્ડ સાથે પકડી પાડી ઓનલાઇન ન્યુડ વિડીઓ કોલ રેકેટનો પર્દાફાશ કરેલ છે. સદર કાર્યવાહી બાબતે સ્થળ ઉપરથી ઓનલાઇન ન્યુડ વિડીઓ કોલનો ગુન્હો આચરતા પકડાયેલ હોય સ્થાનિક પહાડી પોલીસ સ્ટેશન ખાતે સ્થાનિક પોલીસ મારફતે ગુન્હો દાખલ કરાવેલ છે. આ આરોપીએ અન્ય લોકો સાથે મળી દેવભૂમિ દ્વારકા જિલ્લાના ખંભાળિયા પોલીસ સ્ટેશન વિસ્તારના એક વ્યક્તિ સાથે ન્યુડ વિડીઓ કોલ કરી તેનુ સ્કીન રેકોર્ડીંગ કરી ત્યાર બાદ તે વિડીઓ આધારે બ્લેક મેઈલીંગ કર્યું હતુ. વધુમાં જે સ્ત્રીનો ન્યુડ વિડીઓ કોલમાં દેખાયેલ તે જ સ્ત્રીની ગળે ફાસો ખાઈ આત્મહત્યા કરેલો ફોટો મોકલી ત્યારબાદ યુ-ટુબર બની આ ન્યુડ વિડીઓ કોલ રેકોર્ડીંગ અને આત્મહત્યાની ફેક ફોટો અને ફેક સ્યુસાઇડ નોટ આધારે આત્મહત્યાના દુષ્પ્રેરણા ગુન્હો દાખલ કરાવવાની ધમકીઓ આપી રૂ. ૮૯,૦૦૦ ની ઓનલાઇન છેતરપિંડી કરી છે. આ પ્રકારના બનાવોમાં ભોગ બનનાર વ્યક્તિ સામાજીક પ્રતિષ્ઠા ગુમાવવાના ડરથી આત્મહત્યા સુધીનુ પગલુ ભરી લેતા હોય છે. જેથી ભોગ બનનારની ઓળખ જાહેર કરાઈ નથી. એક માસ પહેલા કાર્યવાહીમાં ઉત્તરપ્રદેશ રાજ્યના લખનઉ ખાતેથી નિરજ સદાનંદ તિવારીની ધરપકડ કરવામાં આવી હતી. જેમા ફેક હોટલ બુકીંગ ફ્રોડ અનુસંધાને ૧૦૦ થી વધુ ફેક વેબસાઇટ અને ૫૦ થી વધુ ગુગલ એડ્સ બનેલ હોવાના પુરાવાઓ મળી આવેલ હતા. આમ, ફેક હોટલ બુકીંગ ફ્રોડમાં ફેક વેબસાઇટ કે ગુગલ એડ્સ બનાવનાર, પ્રિએક્ટિવેટેડ ડમી સિમ કાર્ડ વેચનાર,મેળવનાર, ઉપયોગ કરનારની ધરપકડ કરેલ છે. આમ, ફેક હોટલ બુકીંગના બનતા ગુનાઓ શોધવા અને અટકાવવાની દિશામાં સાયબર ક્રાઇમ સેલ દ્વારકા પોલીસને સફળતા મળી છે. આ સમગ્ર કાર્યવાહીમાં દેવભૂમિ દ્વારકા જિલ્લા પોલીસને દ્વારકા, ખંભાળિયા, આણંદ, અંબાજી, પહાડી (રાજસ્થાન), ગોધરા વિગેરે પોલીસ મથકના ૧૦ જેટલા ગુનાઓનો ભેદ ઉકેલવામાં સફળતા મળી છે. આ સમગ્ર કાર્યવાહી દેવભૂમિ દ્વારકા જિલ્લા સાઇબર ક્રાઇમ સેલના પી.આઇ. એ.વાય. બલોચ, પી.આઇ. જે.જે. ચૌહાણ, વાડીનાર મરીન પોલીસ મથકના પી.એસ.આઇ. એ.બી. જાડેજા, સુનીલભાઇ વી. કાંબલીયા, ઇરફાનભાઇ ખીરા, ધરણાંતભાઈ બંધિયા, મુકેશભાઇ એ. કેશરીયા, હેમંતભાઇ કરમુર, રાજુભાઇ ઢેબાણીયા, લાખાભાઇ પીંડારીયા, સંજયભાઇ બરારીયા, હેભાભાઈ ચાવડા, પબુભાઇ ગઢવી, મુકેશભાઈ નંદાણીયા, વિગેરે દ્વારા કરવામાં આવી હતી. સીમકાર્ડ લે-વેચ તેમજ વિવિધ પ્રકારના વોટ્સએપ કોલ અને ઓનલાઈન પેમેન્ટ વિગેરે બાબતે જાગૃત રહેવા જિલ્લા પોલીસ વડા નિતેશ પાંડેય દ્વારા જિલ્લાની જનતાને અપીલ કરવામાં આવી હતી.

## માંધાતા ગ્રુપ ગુજરાતના સ્થાપક ભૂપતભાઈ ડાભીનો જન્મદિવસ

માંધાતા ગ્રુપ ગુજરાતના સ્થાપક અને સમસ્ત તળપદા કોળી જ્ઞાતિની જગ્યા જુનાગઢનાં પ્રમુખ, કોળી ઠાકોર વિકાસ નિગમ ગાંધીનગર નાં પૂર્વ ચેરમેન , ભારતીય જનતા પાર્ટી અગ્રણી , ગોંડલમાં તમામ સમાજને સાથે રાખીને બક્ષીપંચ સંગઠનના પ્રણેતા તેમજ ગુજરાત કોળી સમાજના નીડર આગેવાન એવા ભુપતભાઈ ડાભી પોતાના જીવનના ૬૫ વર્ષ પૂર્ણ




કરીને ૬૬ માં વર્ષમાં પ્રવેશ કરી રહ્યા છે ત્યારે સમગ્ર ગુજરાતનાં કોળી સમાજમાં હર્ષની લાગણી જોવા મળે છે એમના જન્મદિવસ નિમિત્તે માંધાતા ગ્રુપ દ્વારા તાલુકા કક્ષાએ વિવિધ સેવાકીય કાર્યોનું પણ આયોજન કરવામાં આવેલું છે, આજે ભુપતભાઈ ડાભીના જન્મદિવસ નિમિતે તમામ સમાજના લોકો દ્વારા તેમને જન્મદિવસની શુભેચ્છા પાઠવવામાં આવી રહી છે...

## જામનગરના ૧૪૦૪ આવાસ યોજના હેઠળ વ્યાજ માટેની મુદ્દત વધારવાની દરખાસ્ત બહાલ

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર મહાનગર પાલિકાની સામાન્ય સભા મેયર વિનોદ ખીમસૂર્યાના અધ્યક્ષસ્થાને મળી હતી. જેમાં પદાધિકારીઓ-કમિશનર સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતાં.જામનગરના ૧૪૦૪ આવાસ યોજનાના બાકી રહેલા લાભાર્થીઓને હપ્તા ભરવાની રકમમાં વ્યાજમાફીની મુદ્દત વધારવાની દરખાસ્તને સર્વાનુમત્તે બહાલી આપવામાં આવી હતી.તો આ વખતે ચર્ચામાં ભાગ લેતા ગોપાલ સોરઠીયાએ તેમજ આનંદ રાઠોડએ જણાવ્યું હતું કે નામ ટ્રાન્સફર થયા ન હોય તેવા કિસ્સામાં પણ આવાસ ધારકને લાભ આપવામાં આવે તે જરૂરી છે. તો આનંદ રાઠોડે વધુમાં જણાવ્યું હતું કે શહેરની અન્ય પણ કેટલીક જર્જરિત ઈમારતો અંગે યોગ્ય નિર્ણય લેવો જોઈએ.અધ્યક્ષસ્થાનેથી એક દરખાસ્ત રજુ થવા પામી હતી. જેમાં સેક્રેટરીના હોદ્દાની મુદ્દત ૬ માસ માટે વધારવી જેને પણ સર્વાનુમત્તે મંજુરી આપવામાં આવી હતી. જો કે આનંદ રાઠોડે ટહુકો છેડ્યો હતો કે અશોકભાઈ જેવા કર્મચારી મહાનગરપાલિકાને મળ્યા નથી કે મળશે નહીં.વિપક્ષના કાસમભાઈ જોખીયાએ પ્રશ્ન ઉઠાવ્યો હતો કે અમારા વોર્ડમાં પેચવર્કના કામો કેમ થતા નથી ? તેને જવાબ અપાયો હતો કે કામ કરી આપવામાં





આવશે.તો વિપક્ષના અલ્તાફ ખફીએ પ્રશ્ન ઉઠાવ્યો હતો કે આરોગ્યલક્ષી અમૃતમ કાર્ડ યોજનામાં મહાનગરપાલિકામાં ફરજ પર રહેલા કોઈ નિયતિબેન યોગ્ય જવાબ આપતા નથી. ફોન પણ ઉપાડતા નથી.તેના જવાબમાં જણાવાયું હતું કે તેઓ જિલ્લા પંચાયતમાંથી અહિં મુકવામાં આવ્યા છે. આ કર્મચારી ઉપર કાયદેસર કાર્યવાહી કરવામાં આવે. અથવા તો તેને પરત મોકલી નિલેષ ભટ્ટને કામગીરી સોંપવામાં આવે. કોર્પોરેટર જૈનબબેન ખફીએ પ્રશ્ન ઉઠાવ્યો હતો કે, ભૂગર્ભ ગટરની યોગ્ય સફાઈ થતી નથી અને દર માસે ૨૦ લાખનું ચુકવણું કોન્ટ્રાકટરને થઈ રહ્યું છે. આથી આ કામગીરી ખાતાકિય રીતે કરાવવી જોઈએ.

વોર્ડ નંબર ૧૨માં વરસાદી પાણીના નિકાલની કોઈ વ્યવસ્થા નથી અગાઉ સામાન્ય સભામાં ખોટો જવાબ અપાયો હતો કે કામ મંજુર થયું છે. વોર્ડ નંબર ૧૨ અને ૧૬માં થયેલ કામગીરીમાં લેવલ જાળવ્યું નથી એટલે કે કામ નબળુ છે. આ અંગે મેયરે સંબંધિત અધિકારીને યોગ્ય કરવા સૂચના આપી હતી. વિપક્ષના કોર્પોરેટર રાહુલ બોરીયાએ પણ વરસાદી પાણી ભરાવવાના મુદ્દે તથા ગટર છલકાવવાના મુદ્દે પોતાના વોર્ડમાં લોકો પરેશાન થતા હોવાનું જણાવ્યું હતુ.વિપક્ષના નેતા ધવલ નંદાએ પ્રશ્નોતરીમાં ભાગ લેતા જણાવ્યું હતું કે આવાસ યોજનામાં તેના પૈસાની એફડી કરાવવાના બદલે તેમના પૈસા સોસા. ના બીલ ભરપાઈ કરવા માટે ખર્ચ કરી નાખવામાં આવ્યું છે.જો તેના પૈસાની એફડી કરાવી હોત તો વ્યાજની આવક મળી રહે. તેના જવાબમાં અધિકારીએ જણાવ્યું હતું કે આવાસ ધારકોએ એસોસિએશન બનાવવાનું હોય છે જે નહી બનાવતા તેમના લાઈટબીલ સહિતનો ખર્ચ કરવાની ફરજ પડી હતી.

વિપક્ષના કોર્પોરેટર ફુરકાન શેખએ જણાવ્યું હતું કે, પોતાના વિસ્તારમાં ભૂગર્ભ ગટરની સમસ્યા છે. આ એજન્સીને ૪૦૦ વખત પેનલ્ટી કરી છે તો કડક પગલા શા માટે લેવાતા નથી ? તેના પ્રશ્નમાં શાસકપક્ષ ભાજપના કોર્પોરેટર કિશન માડમે પણ સુર પુરાવ્યો હતો અને ભૂગર્ભની ફરિયાદોનો યોગ્ય નિકાલ થતો નહીં હોવાનું જણાવ્યું હતું.ભાજપ ના જ કોર્પોરેટર જયરાજસિંહ જાડેજાએ જણાવ્યું હતું કે વેસ્ટ ટુ એનર્જી પ્લાન્ટમાંથી અતિ દુર્ગંધ આવે છે તો બે માસ માટે પ્લાન્ટ બંધ કરાવવો જોઈએ.

આ પછી વિપક્ષના રચનાબેન નંદાણીયાએ ગોકુલ મંડપ સર્વિસ દ્વારા ખોટા બીલો પાસ કરાવાયા હોય તેના સંચાલક કોણ છે ? તેનું નામ જાહેર કરવા માંગ કરતા સંજય સોરઠીયાનું નામ જાહેર થયું હતું, તેમણે આક્ષેપ પણ કર્યો હતો કે તે ભાજપ સાથે સંકળાયેલ છે. જો કે સ્ટેન્ડીંગ ચેરમેન નિલેષ કગથરાએ દરમ્યાનગીરી કરી નિયમ મુજબ નિર્ણય લઈ કામ આપવામાં આવતું હોવાનો ખુલાશો કર્યો હતો. રચનાબેને એવો પણ આક્ષેપ કર્યો હતો કે ટ્રાફિકના નામે રેંકડી-પથારાવાળા, ફેરીયાને ત્રાસ આપવામાં આવે છે. આ મુદ્દે તેમણે આ ઉગ્ર રજુઆત કરતા સભા પૂર્ણ જાહેર કરી દેવાઈ હતી

## મોરબી નેશનલ હાઈવે રફાળેશ્વર પાસે ટાયર ફાટતા ટ્રકમાં લાગી આગ

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી- વાંકાનેર નેશનલ હાઇવે રોડ ઉપર રફાળેશ્વર નજીક ટ્રકનું ટાયર ફાટતા ટ્રકમાં આગ લાગી હતી.

મળતી માહિતી અનુસાર, મોરબીના રફાળેશ્વર પાસે એક ટ્રકનું ટાયર ફાટતાં ટ્રકમાં આગ લાગી હતી. આ બનાવ અંગે ફાયર વિભાગને જાણ થતાં તુરંત જ ફાયર એન્ડ ઇમરજન્સીની ટિમ ઘટના સ્થળે દોડી આવી હતી. ભારે મહેનત બાદ ફાયરની ટીમે આ આગ પર કાબુ



મેળવ્યો હતો. જોકે સદનશીબે કોઈ જાનહાનિ થઈ નથી તો બીજી તરફ આગને કારણે નેશનલ હાઇવે ઉપર ટ્રાફિક જામ સર્જાયો હતો.

## ટંકારાના શિક્ષિકા જીવતીબેન પીપલીયાના પુસ્તક દેશથી પરદેશનું વિમોચન

**મુખ્ય સમાચાર, મોરબી**

બાળ સાહિત્ય ક્ષેત્રે કંઈક નવું કરવાની નેમ ધરાવતાં મોરબી જિલ્લાના - ટંકારા તાલુકાના - લખધીરગઢ પ્રા. શાળાનાં શિક્ષિકા જીવતીબહેન પીપલીયાનું ચોથું પુસ્તક( 'દેશથી પરદેશ સુધી' નું વિમોચન જગત જનની મા ઉમિયાના આશિષ સાથે ઉંઝા ખાતે કરવામાં આવ્યું હતું.

ભાષા અને સાહિત્યની સેવા કરવાનાં શુભ આશયથી 'શબ્દ વાવેતર પરિવાર' ગ્રુપમાં જોડાઈને નવોદિત કવિઓ અને લેખકોની પદ્ય વિભાગની રચનાઓનું મૂલ્યાંકન કરી, માર્ગદર્શન આપતાં, શબ્દ વાવેતર ગ્રુપનાં એડમીન અને લખધીરગઢ પ્રાથમિક શાળામાં શિક્ષિકા તરીકે ફરજ બજાવતા પીપલીયા જીવતીબહેન દ્વારા સંપાદિત ચોથા પુસ્તક 'દેશથી પરદેશ સુધી' નું ઉંઝા તીર્થક્ષેત્રમાં વિમોચન કરવામાં આવ્યું.

જગતથી જુદું વિચારતાં જીવતીબહેનનો પ્રથમ બાળગીત સંગ્રહ 'પરીબાઈની પાંખે', દ્વિતીય બાળવાર્તા




સંગ્રહ 'હાથીદાદાની જય હો', તૃતીય પુસ્તક 'નટખટ' (શ્રીકૃષ્ણ જીવન ચરિત્ર) પ્રકાશિત થઈ ચૂક્યા છે. એવાં જીવતીબહેને G 20 અંતર્ગત ભારત દેશની યજમાનીમાં થયેલા વિવિધ કાર્યક્રમોથી પ્રેરણા લઈને ''આખી પૃથ્વી એક પરિવાર'' અર્થાત વસુધૈવ કુટુમ્બકમની શુભ ભાવનાઓને ઝીલતાં દેશ પરદેશમાં વસતા કવિ મિત્રોના ૧૦૧ કાવ્યોનું સંકલન કરી, 'દેશથી પરદેશ સુધી' કાવ્ય સંગ્રહનું સંપાદન કર્યું. 'અનેક એવોર્ડ વિજેતા નિવૃત્ત બેંક ઓફિસર માણેકલાલ પટેલ તેમજ નિવૃત્ત અધિકારી અને શબ્દ સાહિત્ય પરિવારના એડમિન શ્રી નિરંજન શાહ 'નીર', ત્રિલોકભાઈ કંડોલિયા તેમજ શબ્દ વાવેતર પરિવાર પૂરી ટીમના વરદ હસ્તે 'દેશથી પરદેશ સુધી' કાવ્ય સંગ્રહને વિમોચિત કરવામાં આવ્યો. આ સ્નેહમિલનમાં ૧૦૦ જેટલાં કવિઓએ પોતાની કવિતાનું પઠન કર્યું હતું. તેમજ અન્ય સર્જકોના બીજા ૨૪ પુસ્તકોનું પણ વિમોચન કરવામાં આવ્યું હતું.

## જામનગર જિલ્લા પંચાયત ખાતે મીલેટ્સ એક્સ્પો-૨૦૨૩ કાર્યક્રમના આયોજનની બેઠક યોજાઈ



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર જિલ્લા વિકાસ અધિકારી વિકલ્પ ભારદ્વાજના અધ્યક્ષસ્થાને જિલ્લા પંચાયત ભવન ખાતે મીલેટ્સ એક્સ્પો-૨૦૨૩ કાર્યક્રમના આયોજનની બેઠક યોજાઈ હતી. રાજ્ય સરકાર અને ગુજરાત એગ્રો ઈન્ડસ્ટ્રીઝ કોર્પોરેશન લિમિટેડના માર્ગદર્શન હેઠળ સમગ્ર રાજ્યમાં મીલેટ્સ એક્સ્પો-૨૦૨૩ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.બેઠકમાં થયેલી ચર્ચા મુજબ, મીલેટ્સ એક્સ્પોમાં કૃષિ વિભાગ, આત્મા પ્રોજેક્ટ અને આઈ.સી.ડી.એસ. વિભાગના સંકલનમાં રહીને મીલેટ્સમાંથી બનેલી રેડી-ટુ-ઈટ વાનગીઓ, લાઈટ સ્નેક્સ આઈટમ્સ, સખી મંડળ તરફથી હેન્ડી ક્રાફ્ટ્સ આઈટમ્સના સ્ટોલ, પ્રાકૃતિક કૃષિ કરતા ખેડૂતોની ખેત પેદાશના વેચાણના સ્ટોલ, મીલેટ્સલક્ષી માહિતી અને સાહિત્ય વિતરણ, પ્રોગ્રામનું સ્થળ, પાર્કિંગ આયોજન, આરોગ્ય તપાસણી અને અન્ય જરૂરી બાબતોની ચર્ચા કરવામાં આવી હતી. આ બેઠકમાં જિલ્લા ખેતીવાડી અધિકારી રિતેશ ગોહેલ, મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો.ભાયા, નાયબ કાર્યપાલક ઈજનેર છૈયા, તેમજ અન્ય વિભાગના પ્રતિનિધિગણ હાજર રહ્યા હતા.

## મોરબી તાલુકાની ગ્રામ્ય કક્ષાની સૂર્ય નમસ્કાર સ્પર્ધા શકત શનાળા શાળામાં યોજાઈ





**મુખ્ય સમાચાર, મોરબી**

શકત સનાળા કુમાર શાળા ના પટાંગણમાં સવારે ૮:૦૦ વાગ્યે તમામ સ્પર્ધકોનું આગમન થયું અને તમામ સ્પર્ધકોની હાજરી અને રજીસ્ટ્રેશન કરવામાં આવ્યું.

વ્યવસ્થાપન સમિતિના સભ્યશ્રીઓ શકત શનાળા ગ્રામ પંચાયતના સરપંચ શ્રીમતી સોનલબેન પ્રફુલભાઈ બાવરવા (અધ્યક્ષશ્રી) શ્રી કલ્પેશભાઈ ફલતરિયા (સહ અધ્યક્ષશ્રી),શ્રીમતી વિમલાબેન મણીલાલ સાણજા (સભ્ય સચિવ)શ્રી હર્ષદકુમાર તરશીભાઇ પટેલ( સભ્ય સચિવ) ઇલાબેન મોતીભાઈ બેડીયા(યોગ કોચ ટ્રેનર) શ્રીમતી નીતાબેન ધીરજલાલ જોશી(સભ્યશ્રી)કાર્યક્રમમાં ઉપસ્થિત રહી પોતાની જવાબદારી સુપેરે નિભાવી. સૂર્ય નમસ્કાર સ્પર્ધા અંતર્ગત મોરબી નાયબ જિલ્લા પ્રાથમિક શિક્ષણાઅધિકારી દિનેશભાઈ ગલચર સાહેબ ની ખાસ વિશેષ ઉપસ્થિતિ રહી. ઉપસ્થિત તમામ મહાનુભાવોના વરદ હસ્તે સૂર્ય નમસ્કાર સ્પર્ધાનું દીપ પ્રાગટ્ય કરી ઉદઘાટન કરવામાં આવ્યું હતું.


ઉપસ્થિત તમામ સ્પર્ધકોને ગાયત્રી મંત્ર ની થીમ પર સુર્યસ્તુતી,સૂક્ષ્મ વ્યાયામ,ધ્યાન અને યોગ નિદર્શન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ કાર્યક્રમ અંતર્ગત પ્રેરક ઉદબોધન પૂરું પાડવામાં આવ્યું. ત્યારબાદ સૂર્ય નમસ્કાર સ્પર્ધા શરૂ કરવામાં આવી,આ સૂર્ય નમસ્કાર સ્પર્ધા ત્રણ જૂથમાં શરૂ કરવામાં આવી. સ્પર્ધાના અંતમાં નિર્ણાયકો દ્વારા તમામ જૂથના સ્પર્ધકોને વય મર્યાદા મુજબ દરેક જૂથ માંથી એક ભાઈ અને એક બેનની પસંદગીની જાહેરાત કરવામાં આવી. કાર્યક્રમના સમાપન સમારોહ પ્રસંગે દરેક જૂથ વાઇઝ પસંદ કરેલા સ્પર્ધકોને ગ્રામ પંચાયતના સરપંચ અને કાર્યક્રમના અધ્યક્ષ શ્રીમતી સોનલબેન પ્રફુલભાઈ બાવરવા તરફથી ગ્રામ્ય કક્ષાએ રૂ.૧૦૧/-નો રોકડ પુરસ્કાર આપવામાં આવ્યો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શકત શનાળા પ્લોટ શાળાના આચાર્ય શ્રી હર્ષદભાઈ મારવણીયા દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના અંતમાં આભારવિધિ શકત સનાળા કુમાર શાળાના મદદનીશ શિક્ષક શ્રી રાજેશભાઈ મારવણીયા દ્વારા કરવામાં આવી હતી.


## સાંસદ મોહનભાઈ તથા ધારાસભ્ય દુર્લભજીભાઈ દેથરીયાની મહેનત રંગ લાવી:કેન્દ્ર સરકાર દ્વારા મોરબી તાલુકાના રસ્તા બનાવવા માટે ૧૦૨.૫ કરોડ મંજુર

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી તાલુકાના રવાપર-ધુનડા-સજજનપર ૨૧ કી.મી. રોડ તથા ને.હા. લખધીરપુર- કાલીકાનગર-નીચીમાંડલ(મોરબી હળવદ હાઇવે) ૧૯ કી.મી.રોડ ઈઈઇઆગ્રાન્ટમાં મંજુર કરતા મોરબીને કેન્દ્ર સરકાર દ્વારા ૧૦૨.૫ કરોડ ફાળવવામાં આવેલ છે.

મોરબી શહેર ને ટંકારા અને વાંકાનેર સાથે જોડતો રવાપર-ધુનડા-સજજનપર





રોડ ૬ કી.મી. ફોરલેન તથા ૧૫ કી.મી. ૧૦ મીટર પહોળો રોડ નવીનીકરણ માટે ગ્રાન્ટ મંજુર થતા રવાપર વિસ્તાર થી ટ્રાફિક સમસ્યા હળવી થશે.


નેશનલ હાઇવે થી લખધીરપુર-કાલીકાનગર-નીચી માંડલ(મોરબી હળવદ હાઇવે) રોડ ૧૯ કી.મી. ૧૦ મીટર પહોળો રોડ માટે ગ્રાન્ટ મજુર થતા લખધીરપુર આસપાસ નાં ઉદ્યોગકારોની હેવી ટ્રકોથી થતી ટ્રાફિક સમસ્યા દુર થશે. સાથે મોરબી હળવદ હાઇવે ને સીધું જોડાણ થવાથી અંતર ઘટશે જેથી ફ્યુલની પણ બચત થશે.

આ રોડ મંજુર થવાથી રાજકોટનાં લોકપ્રિય સાંસદ મોહનભાઈ કુંડારિયા ની રોડ,ટ્રાન્સપોર્ટ અને હાઇવે મંત્રી નીતિન ગડકરીજીને કરેલ રજૂઆત સફળ રહી તથા ધારાસભ્ય દુર્લભજીભાઈ દેથરીયા દ્વારા માર્ગ મકાન(પંચાયત) અને માર્ગ મકાન (સ્ટેટ) વિભાગને ઉડ્ઢબનાવવા તથા ટેન્ડર પ્રક્રિયા સત્વરે પૂરી કરવા સુચના આપવામાં આવેલ છે તેમ મોરબી તાલુકા ભાજપ પ્રમુખ અરવિંદભાઈ વાંસદડીયાની યાદી જણાવે છે.

## જામનગર મનપાને બાકી વેરાની રૂ.૨૪ કરોડની રકમ ચૂકવવા રેલવે સહમત

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર મહાનગરપાલિકા દ્વારા વર્ષો જુના અને કરોડોની રકમના બાકી લેણા અંગે કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. તાજેતરમાં દરેડ જીઆઈડીસી સાથે કરાર કર્યા પછી હવે રેલવે સાથે કરાર કરવામાં આવ્યો છે. જેની પાસેથી ૨૪ કરોડ રૂપિયાની વેરા વસુલાત બાકી



છે. દરેડ જીઆઈડીસી પાસે કરોડો રૂપિયાની વેરા વસુલાત વર્ષોથી બાકી રહેતી હતી. જે અંગે તાજેતરમાં દરેડ જીઆઈડીસી અને જામનગર મહાનગરપાલિકા વચ્ચે સમજુતી કરાર થયા હતાં આ પછી હવે રેલ્વે સાથે પણ કરાર કરવામાં આવ્યા છે. રેલવે પાસેથી વિવિધ મિલકતના વેરા પેટે રૂ. ૨૪ કરોડ ની રકમ લ્હેણી છે. બે દિવસ પહેલા રાજકોટ થી એડીઆરએમ જામનગર આવ્યા હતાં. અને મહાનગરપાલિકા સાથે કરાર ઉપર હસ્તાક્ષર કર્યા હતાં. આ તમામ રકમ રેલવે દ્વારા એક સાથે ચૂકવવામાં આવનાર છે. ઉપરાંત મહાનગરપાલિકાને દર વર્ષે ૧ કરોડ વેરારૂપે રેલવે ચૂકવશે.

# અવધ રોડ પર કારના બોનેટ પર બેસી સ્ટંટ કરનાર શખ્સોની ધરપકડ





**મુખ્ય સમાચાર, રાજકોટ**

નવા ૧૫૦ ફુટ રીંગ રોડ પર મુંજકા ચોકડીથી આગળ અવધ રોડ તરફ જવાના રસ્તે કારના બોર્નેટ પર બેસી સ્ટંટ કરતો વીડિયો વાયરલ થયા બાદ યુનિવર્સિટી પોલીસે ગુનો નોંધી આ પ્રકરણમાં ૧૫૦ ફુટ રીંગ રોડ ઉપર રાજદીપ સોસાયટીમાં રહેતા સોહલે ગુલામહુશેન કુરેશી, ગાંધીગ્રામ ગૌતમનગરના રવી અશ્વિનભાઈ પાણખાણીયા અને મોરબી રોડ કૈલાશ પાર્કમાં રહેતા યશ કમલેશભાઈ વાળા અને વિજય શેલાભાઈ ભોરખીયાની ધરપકડ કરી હતી. તપાસ કરતા જાણવા મળ્યું કે સોહેલ કુરેશી તેને મિત્ર સાથે ગઈ તા.૨૬/૧૧ના અવધ રોડ તરફ જતા રસ્તે ગયો હોય પોતે કાર ચલાવતો હતો અને બોનેટ પર બેસેલ શખ્સ રવિ પાણખાણીયા હોવાનું અને યશે વીડિયો બનાવ્યાનું અને કાર વિજયની હોવાનું ખુલતા ચારેય સામે કાર્યવાહી કરી હતી.

# ભરૂડી ટોલનાકા પાસે જીવદયા પ્રેમીઓએ ૨૯ પશુને મુક્ત કરાવ્યા







**મુખ્ય સમાચાર, ગોંડલ**

ગોંડલ નજીક ભરૂડી ટોલનાકે બે ટ્રકમાં લઈ જવાતા ૨૯ પશુને જીવદયા પ્રેમીઓએ મુક્ત કરાવ્યા હતા. તમામ જીવને ઘોઘાવદર ક્રિષ્ના ગૌસેવા ટ્રસ્ટમા રાખેલ છે. માણાવદરના બે અને મહેસાણાના એક શખ્સ સામે ગુનો નોંધાયો છે.

રાજકોટના જીવદયાપ્રેમીઓ અને ગૌરક્ષકોએ આ કાર્યવાહી કરી ફરિયાદ નોંધાવી હતી. જીવદયાપ્રેમી ફરિયાદી ભાવિનભાઈ ઘનશ્યામભાઈ ધિયાડ (ઉ.વ.૩૪, રહે. મોરબી રોડ પુષ્કરધામ એવન્યુ-૨ સેટેલાઈટ ચોક, રાજકોટ)એ જણાવ્યું કે, હું રાજકોટ મુકામે ગુજરાત ગેસના પેટા કોન્ટ્રાક્ટ રાખું છું.

છેલ્લા સાતેક વર્ષથી જીવદયાપ્રેમી તરીકે સેવાઓ આપું છું. ગત તા.૧૬ના રોજ રાત્રીના દસેક વાગ્યને અરસામાં હું તથા મારા મિત્ર ઈરફાનભાઈ અનવરભાઈ ઠેબા એમ બંન્ને ધંધાના કામથી જુનાગઢથી રાજકોટ મુકામે જતા હોય. ત્યારે ગોંડલ રાજકોટ નેશનલ હાઈ-વે ભરૂડી ટોલનાકા પાસે નં.જીજે- ૦૧-ઈટી ૬૨૬૬ નંબરના ટ્રકમાં પશુઓ ભરેલા જોવા મળતા ડ્રાઈવરને પુછેલ કે, ક્યા પશુ ભરેલા છે? અને કેટલા પશુ છે? ડ્રાઈવરે ગાડી રોડની સાઈડમાં ઉભી રાખતા ૮ ભેંસ તથા ૭ ભેંસના બચ્ચાં પાડા-પાડી એમ ટોટલ ૧૫ પશુ ભરેલાની જાણ થતાં જીવદયાપ્રેમીઓએ તાત્કાલીક તમામ પશુઓને મુક્ત કરાવ્યા હતા.

# ૧૫૦ ફૂટ રીંગ રોડ પરથી વ્યાજખોર પિતા-પુત્રએ યુવાનનું કારમાં અપહરણ કરી મારમાર્યો

## ઈમીટેશનના ધંધાર્થીએ વ્યાજે નાણાં લીધા બાદ નહીં ચુકવી શકતા વ્યાજખોરો બન્યા બેફામ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં ઈમીટેશનનુ કામ કરતા યુવકનુ વ્યાજના પૈસાની પઢાણી ઉઘરાણી બાબતે કારમાં અપહરણ કરી જનાર પિતા પુત્ર સામે ૯ દિવસ બાદ ફરીયાદ થતા તાલુકા પોલીસે વ્યાજખોર પિતા-પુત્ર સામે ગુનો નોંધી અપહ્ત યુવકને છોડાવવા અને આરાપીઓને પકડી લેવા મથામણ કરી હતી

આ અંગેની માહિતી મુજબ ૮૦ ફુટ રોડ પર સનેશ્વર પાર્કમાં રહેતા અને હાલ કાલાવડના પીપરગામે રહેતા હેતલબેન યજ્ઞેશભાઈ રાંક એ ફરીયાદ કરી હતી

જેમા આરોપી તરીકે દિનેશસિંઘ ઠાકુર અને તેનો પુત્ર યશરાજ ઠાકુરનુ નામ આપ્યુ હતુ ફરીયાદમાં જણાવ્યુ હતુ કે તેના પતિ ઈમીટેશનનુ કામ કરતા હોય ત્રણેક માસ પહેલા તેના ઘેર આવેલા દિનેશસિંઘ ઠાકુરે તેના પતિને કહેલ કે મારા રૂપીયા પાછા આપી દે જે નહીતર જીવવુ મુશ્કેલ કરી થઈ જશે તેવી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી અને ઘેર થી તે ગયા બાદ તેના પતિને વાત કરતા તેને પૈસાની જરૂર હોય અને તેના મિત્ર દિનેશ ઠાકુર પાસેથી વ્યાજે રૂપીયા લીધા હતા જેથી અને લીધેલા રૂપીયા આપી દિધા છતા વધુ રૂપીયાની માંગ કરતા હોય અને ફોન કરી તેમજ ઘેર આવી અવાર નવાર ધમકીઓ આપતા હોય જેથી કંટાળી જઈ ગામડે રહેવા જતા રહયા હોય અને પતિ કામ માટે અપડાઉન કરતા હતા તા. ૧૦-૧૨ના રોજ કામે જવાનુ કહી ઘેરથી નિકળ્યા બાદ પરત નહી આવતા તેને ફોન કરતા તેને ૧૫૦ ફુટ રીંગ રોડ પર હતો ત્યારે દિનેશ અને તેનો પુત્રએ કારમાં બળજબરીથી બેસાડી લઈ આવ્યા હોય ઉદયપુર પૈસા માટે ગયા હોવાનુ જણાવ્યુ હતુ અને ત્યા રૂપીયા મળી જશે બાદ દિનેશ માની જશે તેમ વાત કરી હતી ત્યાર બાદ ફોન બંધ હોય અને તેના પતિને આજદિન સુધી ગોંધી રાખ્યાનુ જણાવતા પીએસઆઈ માઢક સહીતના સ્ટાફે ગુનો નોંધી આરોપીને ઝડપી લેવા મથામણ કરી હતી.

# ઊના પંથકમાં પાણીની મોટર ચોરી કરનાર બે શખ્સોની ધરપકડ

**મુખ્ય સમાચાર, ઊના**

ઊના પોલીસે બે કોથળામાં વાવરડા ગામે કુવામાથી ચોરી થયેલ પાણી કાઢવાની સબમર્શી બલ મોટરો લઈ ઉના શહેરમાં રોકડીયા હનુમાન ચોકડી પાસે ઉભેલા હતા. અને ૧ બે શખ્સોની પુછપરછ કરતા તેની આ પાસે રહેલા કોથળાઓમા તપાસ કરતા કુવામાથી પાણી કાઢવાની મોટરો જોવા મળી હતી. આ મોટરની ચોરી કરનાર ભીમા કાળુ બારૈયા તેમજ ધરમ ગદુ ગોહીલ રહે. વાવરડા આ બન્ને શખ્સોએ કુવા માંથી મોટર ચોરી કરી હોવાની કબુલાત કરતા પકડી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. આમ મોટર ચોરી કરનાર શખ્સોની પોલીસે ગણતરીના દિવસોમાં ઝડપી પાડયા હતા.



# મધ્યપ્રદેશની ભૂલી પડેલ કિશોરીને અભયમ ટીમ દ્વારા સલામત સ્થળે આશ્રય અપાયો

**મુખ્ય સમાચાર, રાજકોટ**



તારીખ ૧૯-૧૨/૨૦૨૩ ના રોજ સાંજના પાંચ વાગ્યા ની આજુબાજુ માં કેસ આવેલ. જેમાં એક જાગૃત પુરુષ દ્વારા ફોન કરી તેમને કહ્યું કે એક ૧૩ વર્ષની કિશોરી મોરબી સીરામીક ઉદ્યોગમાં કામ કરતી હતી .અને મધ્યપ્રદેશ તેના ઘરે જવા માટે નીકળી હતી. પરંતુ તે અત્યારે ત્રાજપર ચોકડી પાસે ભૂલી પડેલ છે. તેવું ૧૮૧ કોલ કરીને જણાવેલ.

૧૮૧ ટીમને જાણ થતા ૧૮૧ ના કાઉન્સિલર વૈશાલીબેન તથા કોન્સ્ટેબલ ભારતી બેન અને પાયલોટ સાથે તાત્કાલ ઘટના સ્થળે આવી પહોંચ્યા. કિશોરીની ઉંમર ૧૩ વર્ષની હતી. કિશોરી ખૂબ ગભરાયેલી હતી. કિશોરી રડતી હતી .કિશોરીના કાઉન્સિલિંગ દરમિયાન જાણવા મળ્યું કે તે તેમના કાકાના ફ્રેન્ડ સાથે ૧૫ વ્યક્તિઓ એક મહિના પહેલા કામ અર્થે મોરબી આવેલ. કિશોરીના માતા- પિતા હયાત નથી. કિશોરી તેમના કાકી સાથે રહેતી હતી. તેથી તેમના કાકી એ તેમને કામ માટે અહીં મોકલેલ હતી. તેમના ગામના વ્યક્તિઓ નું કામ પૂર્ણ થતા. તે લોકો મધ્યપ્રદેશ જવા માટે નીકળી ગયેલ હતા. કિશોરી ઠેકેદાર સાથે હતી .ઠેકેદાર પણ તેમના ગામ ના હતા. કાર્ય સ્થળ પર ઠેકેદાર બદલાતા કિશોરીને કંપની પરથી તેના ઘરે જવા માટે નીકળેલ હતી. કિશોરીને તેમના વતનમાં તેમના ઘરનું એડ્રેસ ખ્યાલ હતું . મધ્યપ્રદેશ ના ઇન્દોર જિલ્લાના એક ગામમાં રહે છે . પરંતુ મોરબીમાં જે કંપનીમાં કામ કરવા માટે આવેલ હતી તે કંપનીનું નામ યાદ હતું નહીં. પરંતુ કંપની ક્યા વિસ્તારમાં આવેલી છે. તેનું એમને ખ્યાલ હોવાથી કિશોરીએ જણાવેલા સરનામા પર લઈ ગયેલ .પરંતુ ત્યાં પણ તેમને કઈ યાદ આવેલ નહીં .તથા તેમના કાકી કાકાનો કોઈનો પણ નંબર ખ્યાલ હતો નહી . તેથી કિશોરીને બી ડિવિઝન પોલીસ સ્ટેશન ખાતે લઈ આવેલ ત્યારબાદ કિશોરીએ જણાવે સરનામા મુજબ તેમના ગામની હદ ના પોલીસ સ્ટેશનમાં બી'મશદ્શતશજ્ઞક્ષ પોલીસ સ્ટેશન ના કર્મચારીએ મધ્ય પ્રદેશ ના થાણા અધિકારી સાથે કિશોરી ની વાત-ચિત કરેલ.અને કિશોરીનો ફોટો વફફ્રિા મારફતે થાણા અધિકારી ને મોકલેલ.કિશોરી ના ઘરનો જ્યાં સુધી તેમના કાકા કાકી નો કોન્ટેક ના થાય ત્યાં સુધી કિશોરી ને આશ્રય અર્થે વિકાસ ગૃહમાં સુરક્ષિત સોંપેલ છે.

# રાજદીપ સોસાયટીમાં મહિલાની છેડતી કરી પાડોશીએ પતિને માર માર્યાની ફરિયાદ

**મુખ્ય સમાચાર રાજકોટ**

શહેરના મહુડી ચોકડી પાસે આવેલા રાજદીપ સોસાયટીમાં પાડોશી એ મહિલા ની છેડતી કરી સમજાવવા ગયેલા પતિને માર માર્યો હોવાની ફરિયાદ તાલુકા પોલીસમાં નોંધાય છે.

આ અંગેની માહિતી મુજબ મવડી પહેલા આવેલ રાજદીપ સોસાયટી માં રહેતી ધર્મિષ્ઠાબેન નીતિનભાઈ પથ્થરિયા નામની મહિલાએ ફરિયાદ કરી છે કે પાડોશમાં રહેતો પ્રદીપ દિનેશ પતેરીયા તથા પુષ્પા દિનેશ પતિરિયા અને સંગીતા અશોક પતિરિયાએ અવારનવાર ઝઘડો કરી આ પ્રદીપ એ ખરાબી સારા કરી મહિલાની છેડતી કરતો હોય જે બાબતે સમજાવા જતા તેના પતિ નીતિન અને નણંદ હેતલબેન ને ગાળો પાંડી ઝઘડો કરી ટીકાટુનો માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપતા તાલુકા પોલીસમાં ફરિયાદ નોંધાય છે બનાવના પગલે પી.એસ.આઇ જે જે માધવ એગુનો નોંધી તપાસ કરી છે.

# કલેકટરની અધ્યક્ષતામાં લેન્ડ ગ્રેબીંગની બેઠક યોજાઈ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

સરકારી જમીનો અને ખાનગી મિલકતો હડપ કરનારાઓ સામે લેન્ડગ્રેબિંગ એક્ટ હેઠળ ભૂ-માફિયાઓ સામે કાર્યવાહી કરવામાં આવતી હોય છે ત્યારે રાજકોટ કલેકટર કચેરીમાં કલેકટર પ્રભવ જોશીની અધ્યક્ષતામાં લેન્ડગ્રેબિંગ એક્ટની બેઠક મળવાની છે. રાજકોટ શહેર અને જિલ્લામાં સરકારી જમીનો પર પેશકદમી કરતાં તેમજ ખાનગી મિલકતો પચાવી પડનારા ભૂ-માફિયાઓ સામે લેન્ડગ્રેબિંગ એક્ટ હેઠળ કાર્યવાહી કરવામાં આવે છે. જે અંગે જિલ્લા કલેકટરની અધ્યક્ષતામાં બેઠક યોજાતી હોય છે અને તેમાં કેસ મૂકવામાં આવતા હોય છે ત્યારે મળનારી બેઠકમાં અંદાજે ૫૦ જેટલા કેસ પર સુનાવણી કરવામાં આવશે.

# ગોંડલના ડૈયા ગામ પાસે કાર અને બાઈક વચ્ચે અકસ્માત થતાં એકનું મોત બેને ઈજા

**મુખ્ય સમાચાર, ગોંડલ**

ગોંડલ ડૈયા રોડ પર ગત મોડી સાંજનાં કાર ચાલકે ત્રિપલ સવારીમાં જઈ રહેલા બાઈકને હડફેટે લેતા પિતાની નજર સામે પુત્રનું મોત નિપજ્યું હતું.જ્યારે પિતા સહિત અન્ય વ્યક્તિ ઘાયલ થયા હતા.

આ અંગેની માહિતી મુજબ ગોંડલથી ડૈયા રોડ પર ડૈયેશ્વર મહાદેવ મંદિર પાસે ત્રીપલ સવારીમાં બાઈક પર ગોંડલથી ડૈયા જઈ રહેલા સુરેશભાઈ રમશુભાઈ ભુરીયા (ઉ.વ.૨૫) તેના પિતા રમશુભાઈ તથા ભરતભાઈ ઠાકોરને પુરપાટ ધસી આવેલા કારચાલકે હડફેટે લેતા બાઈક સહિત ત્રણેય ફંગોળાયા હતા. જેમાં ગંભીર ઈજાને કારણે સુરેશભાઈનું ઘટના સ્થળે મોત નિપજ્યુ હતુ.જયારે રમશુભાઇ તથા ભરતભાઇને ઈજાગ્રસ્ત હાલતમાં ગોંડલ સિવિલ હોસ્પિટલ ખસેડાયા હતા.બાઈક મૃતક સુરેશભાઈનાં પિતા રમશુભાઈ ચલાવતા હતા. અકસ્માત થતા પિતાની નજર સામે પુત્રનું મોત નિપજયું હતું. સુરેશભાઈ તેના પરિવાર સાથે પચ્ચીસ દિવસથી પ્રકાશભાઈ શિયારાની વાડીએ ખેતમજુરીનાં કામે લાગ્યા હતા. સંતાનમાં ત્રણ બાળકો હોવાનું જાણવા મળેલ હતું. બનાવ અંગે તાલુકા પોલીસે તપાસ હાથ ધરી છે.

# મવડીના ખાંડના વેપારીને હરિયાણાના બે શખ્સોએ લગાવ્યો રૂા.૬૦.૯૩ કરોડનો ચુનો

## એડવાન્સ રૂપિયા લઈ થોડો માલ મોકલી ઠગાઈ આચર્યાની ક્રાઈમ બ્રાંચમાં વેપારીએ નોંધાવી ફરિયાદ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

કાંગશીયાણી ગામે સ્થાપત્ય ગ્રીનસીટીમાં રહેતા અને મવડીમાં આર. કે.એમ્પાયરમાં બાલાજી એન્ટર પ્રાઈઝ નામની ઓફીસ ચલાવતા વેપારી સાથે હરીયાણાના બે ઉધોગપતિ એ રૂ.૬૦.૯૩ કરોડની છેતરપીંડી કર્યાની ફરીયાદ કરતા ક્રાઈમ બ્રાંચ દ્વારા ગુનો નોંધી આરોપીની ધરપકડ કરવાની કાર્યવાહી કરી હતી.

આ અંગેની માહિતી મુજબ વેપારી પ્રશાંતભાઈ અશોકભાઈ ગોહેલએ ફરીયાદ કરી હતી જેમા આરોપી તરીકે હરીયાણાના ગુડગાંવ ખાતે વેપાર કરતા પ્રેરણા બંસલ અને અવિનાશ બંસલના નામો આપ્યા હતા ફરીયાદમાં જણાવ્યુ હતુ કે તેના પિતાના નામે આવેલી પેઢી ચલાવતા હોય અને ખાંડ (સુગર) નું ટ્રેડીંગ નુ કામ કરતા હોય અમારા વેપારીના ગ્રુપમાંથી ન્યુટ્રી એગ્રો ઓવરસીસ ઓપીસી પ્રા.લી. નામની પેઢી મોટા પ્રમાણમાં સુગર સપ્લાઈ કરતી હોય તેમ જાણવા મળતા તેને મોટા પ્રમાણમાં માલની ખરીદી કરવાની હોય તેને ઓન લાઈનની મદદથી ફોન નંબર મેળવી પેઢીના ડીરેકટર અવિનાશ બંસલ સાથે વાત કરી હતી જેમાં તેને ૧ કિલો ખાંડના રૂ.૨૬.૫૦ ટેકસ સાથેનો ભાવ નકકી કર્યો હતો જેથી તેને ૨૦૦ કિલો ખાંડનો ઓર્ડર આપેલ અને રૂ. ૫૨ લાખ ઓન લાઈન મોકલી આપેલ હતા જેથી તેને માલની ડીલવરી સમયસર મોકલી આપી હતી દરમ્યાન તેના પર વિશ્વાસ આવેલ હતો જેથી તેની પાસે વધારે માલ માટે વાત કરી હતી અને ૩૦-૪૦ હજાર મેટ્રીક ટન માટે ઓર્ડર આપતા તેની પાસે હાલ એટલો માલ નથી પરંતુ તેમની પાસે ૩૨ હજાર મેટ્રીક ટન માલ હોય જે તમને કટકે કટકે ૧૬-૧૬ હજાર મેટ્રીક ટન બે વખત મોકલવાની વાત કરી હતી જેથી તેને જેની કિંમત રૂ.૮૨ કરોડ થતી હોય કટકે કટકે રૂ.૬૯.૧૨ કરોડ ઓનલાઈન મોકલી આપ્યા હતા જેથી તેને રૂ.૮.૧૯ કરોડની કિંમતની ૪૨૫૦ ટન ખાંડ મોકલી આપી હોય તેને આઠ દિવસ બાદ ફોન કરી બાકીનો માલ કયારે મોકલવાની કહેતા તેને ૧૫ દિવસ બાદ માલ સપ્લાઈ શરૂ કરવાનુ કહયા બાદ સવા મહિના બાદ પણ માલ નહી મોકલતા તેને ફોન કરી વાત કરતા હાલ માલ નહી હોય અને તમને પૈસા પરતા આપવાની વાત કરી હતી અને કોઈ ફોન નહી આવતા તેને ફોન કરી તે હરીયાણા ગયા હતા અને વાત કરતા તેને તમારો માલ મે મોકલી આપ્યો છે. અને હવે મારે તમને બે કરોડનો માલ જ આપવાનો છે તેવી વાતો કરી અને તેને બીલ પણ બતાવ્યા હતા અને હવે તમારા બે કરોડ જમા હોવાનુ અને અમારી પાસે વ્યવસ્થા થશે ત્યારે પરત કરીશે તેવો જવાબ આપતા તે રાજકોટ આવી ફરીયાદ કરી હોવાનુ જણાવતા ક્રાઈમ બ્રાંચ દ્વારા ગુનો નોંધી વિશેષ કાર્યવાહી કરી હતી.

# યોગરાજનગરમાં એડવોકેટ યુવતીનો ગળાફાંસો ખાઈ આપઘાત

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના ૧૫૦ ફૂટ રીંગ રોડ ઉપર આવેલ યોગરાજનગરમાં રહેતી એડવોકેટ યુવતીએ ચિઠ્ઠી લખી ફાસો ખાઈ આપઘાત કરી લેતા યુનીવર્સીટી પોલીસે દોડી જઈ કારણ જાણવા તપાસ હાથ ધરી છે.

આ અંગેની પોલીસમાંથી મળતી મુજબ શહેરના ૧૫૦ ફૂટ રીંગ રોડ ઉપર અયોધ્યા ચોક નજીક આવેલ યોગરાજનગરમાં રહેતા નિધીબેન કારાભાઈ ભૂતિયા ઉ.૨૨ નામની યુવતીએ પોતાના ઘરે ગળાફાંસો ખાઈ આપઘાત કરી લેતા પરિવારમાં અરેરાટી વ્યાપી ગઈ છે બનાવની જાણ થતા યુનીવર્સીટી પોલીસ મથકના પીએસઆઈ દિલીપભાઈ રત્નું સહિતનો સ્ટાફ દોડી ગયો હતો અને મૃતદેહ પોસ્ટમોર્ટમ અર્થે સિવિલ હોસ્પીટલે ખસેડી જરૂરી કાર્યવાહી કરી હતી પોલીસની પ્રાથમિક તપાસમાં મૃતક એડવોકેટ તરીકે પ્રેક્ટીસ કરતી હોવાનું અને તેણે આપઘાત કરતા પહેલા એક ચિઠ્ઠી લખી હોય જેમાં કોઈનો વાંક નથી, મારી મરજીથી આ પગલું ભરૂ છું તેવું લખ્યું હોય પોલીસે ચિઠ્ઠી કબજે લઈ કારણ જાણવા તપાસ હાથ ધરી છે થોડા દિવસ પૂર્વે ભાભી સાથે નજીવી બાબતે બોલાચાલી થઇ હોય તેના કારણે આ પગલું ભર્યું હોવાની પોલીસે શંકા વ્યક્ત કરી છે.

# સૌરાષ્ટ્ર-કચ્છમાં શીતલહેરને પગલે ગરમ કપડા બજારમાં લાવ લાવ



(તસ્વીરઃ આનંદ જાવિયા)

છેલ્લા બે દિવસથી રાજકોટ સહિત સમગ્ર સૌરાષ્ટ્રમાં તાપમાનનો પારો ગગડતા ઠંડીનું પ્રમાણ વધ્યું છે જેના પરિણામે લોકો તાપના સહિત ગરમ કપડા નો સહારો લઈ રહ્યા છે. ઉલેખનિય છે કે છેલ્લા બે દિવસથી સૌરાષ્ટ્ર-કચ્છમાં સવારના ભાગે ઠંડા પવનોથી સુસવાટાથી વાતાવરણ ટાઢુબોળ બની ગયું છે. લઘુતમ તાપમાન સામાન્ય રહેવા છતાં શીતલહેરે લોકોને ધ્રુજાવી દીધા છે. રાજકોટ સહિત અનેક સ્થળોએ ઠંડો પવન ફુંકાતા લોકોએ ગરમ કપડાનો સહારો લીધો છે. ઠંડી વધતા જ શેરીજનોએ ગરમ કપડાં લેવા દોટ લગાવી છે જેના પરિણામે ગરમ કપડાની બજારમાં ગરમી આવી છે ખાસ કરીને ભુતખાના ચોકમાં આવેલ મેસોનીક હોલ ખાતે પ્રતિ વર્ષ ભરાતી ગરમ કપડાની માર્કેટમાં ગરમાવો આવ્યો છે.




MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT